

**નિમિષ ચોક્સી**
આર્કિટેક્ટ

> હું મારી કલ્પનાને આકાર આપી શકું છું. કુદરતે જે આર્કિટેક્ટ બનાવ્યું છે અને તેની સાથે જે વાતાવરણ ઊભું કર્યું છે તે અદ્ભુત છે

# ડ્રિમ હાઉસને રિયાલીટીમાં પણ ડિઝાઈન કરી શકાય છે

ઘર આમ તો નાનો શબ્દ છે પરંતુ જીવન આ ઘરમાં જ સમાયેલું છે. જીવનની દરેક ખાટીમીઠી પળો ઘરની ચાર દીવાલોની વચ્ચે જ ક્યાંકને ક્યાંક છુપાયેલી હોય છે. દરેકનું સ્વપ્ન હોય કે તેમનું પોતાનું એક સુંદર ઘર હોય. ઘર માટે લોકો સપનાં જોતા હોય છે તેવી જ બેસ્ટ ડિઝાઇનના સપનાનું ઘર બનાવી આપે છે શહેરના જાણીતા આર્કિટેક્ટ નિમિષ ચોક્સી.

સુરત જેમ જેમ કોંક્રીટ જંગલમાં ફેરવાતું જાય છે ત્યાં ઘરની અંદર અને બહારથી હરિયાળું રાખવામાં આર્કીટેક્ટનો મોટો ફાળો હોય છે. પોતાની કંપનીની સફળતા અંગે નિમિષ ચોક્સી કહે છે, અમે માત્ર ઘરની ડિઝાઇન નથી બનાવતા પરંતુ ઘરની અંદર કેવી કેવી સગવડો હોય, જગ્યાનો કેવી રીતે સદ્ઉપયોગ કરી શકાય. જેથી કરીને સારું એમ્બીયન્સ ક્રીએટ થઇ શકે. બિલ્ડીંગ્સ ઘણા બધા ડિઝાઇન કરતા હોય છે અમે ક્રીએટીવીટી, બિલ્ડીંગની સફળતા પર કામ કરતા હોઇએ છીએ. અમે હંમેશાં અમારા દરેક પ્રોજેક્ટમાં વેલ્યુ એડ કરતા હોઇએ છીએ. જેમાં અમે ખાસ વેસ્ટેજ, યોગ્ય પ્લાનીંગ, સપ્લાયરની સાથે યોગ્ય ભાવતાલ કરાવવાથી માંડીને તમામ વસ્તુ અમે કરી આપતા હોઇએ છીએ જેથી અમારા ક્લાયન્ટનો ભરોસો અમારા પર રહે. અમારી મૂડી અમારા ક્લાયન્ટ જ છે.

૧૯૯૩ની સાલથી પોતાની કારકિર્દી આર્કિટેક્ટ તરીકે આકાર આપનાર નિમિષભાઇએ પોતાનું ગ્રેજ્યુએશન એન્વાયરોમેન્ટલ ડિઝાઇનમાં વલ્લભ વિદ્યાનગરથી કર્યુ છે. ત્યાર બાદ તેઓ સુરત આવ્યા અને અહીં તેઓએ પોતાની ક્રિએટીવીટીની બિલ્ડીંગ બનાવી. પોતાના ક્રિએશન અંગે વાત કરતા તેઓ કહે છે કે, ‘‘હું હંમેશાં ક્રિએટીવીટીમાં માનું છું કારણ કે, ઘર એ દરેક વ્યક્તિનું સ્વપ્ન તો હોય જ છે પણ જો ક્રિએટીવીટીથી બનાવવામાં આવે તો તેઓને સંતોષ હોય છે.’’ જેમ જેમ હું મારી ક્રિએટીવીટીને અજમાવતો ગયો તેમ તેમ મને મોટા મોટા પ્રોજેક્ટ મળતા ગયા. જેમ કે, મોટી હોસ્પિટલો જેમાં અમારી ન માત્ર ક્રિએટીવ ડિઝાઇન પરંતુ સવલતોથી સભર પણ બનાવવાની હોય છે. આ ઉપરાંત ઇન્સ્ટીટ્યુટ્સ રેસીડેન્સ, કોમર્શિયલ બિલ્ડીંગ, રીલીજીયસ ઇન્સ્ટીટ્યુશન અને કોર્પોરેટ હાઉસ પણ ડિઝાઇન કરીએ છીએ.

ભારતનાં અનેક રાજ્યોમાં ફરીને અને ખાસ તો નેપાળના કાઠમંડુથી ઇન્સપાયર થયેલા નિમિષ ચોક્સીની આર્કિટેક્ટમાં ફિલોસોફી છે કે, કુદરત ઘણી બારીક છે. કુદરતનું ક્રિએશન ઘણું ઊંડાણપૂર્વક છે. કુદરતી ડિઝાઇન, રંગો, રચના તેમની તોલે કોઇ ના આવી શકે. ત્યારે એ અંગે નિમિષ ચોક્સી કહે છે કે, મારા માટે ગર્વની વાત છે કે સુરતને હું મારી કલ્પનાને આકાર આપી શકું છું. કુદરતે જે આર્કિટેક્ટ બનાવ્યુ છે અને તેની સાથે જે વાતાવરણ ઊભું કર્યું છે તે અદ્ભુત છે. હું સતત કંઇક ને કંઇક શીખવામાં જ માનું છું. કારણ કે, દિવસે ને દિવસે ટેક્નોલોજી જેમ બદલાય છે તેમ બિલ્ડીંગોની ડિઝાઇન પણ બદલાતી રહેવી જોઇએ તો જ સમય સાથે તાલ મિલાવી શકાય. સુરતના પોર્શ વિસ્તારમાં પોતાનું કાર્યક્ષેત્ર ધરાવતા નિમિષ ચોક્સીને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સન્માનિત કરવામાં આવ્યા હતા.

વધુ જાણવા QR સ્કેન કરો



Excellence always sells. - Earl Nightingale